





લાખોમાં રહ્યું ન ચલણ, કરોડોમાં ચરી નાખો!
હાથમાં આવી આવી તિજોરીની ઘર ભરી નાખો!
પ્રતિષ્ઠા સાચવો! હવે કરો હિંમત અબજોમાં -
સત્તા છે 'મુલાયમ', થાય એટલા ગુન્હા કરી નાખો!
(કૌભાંડ કરો, પણ પ્રતિષ્ઠા સાચવો)
- 'મૂલાયમ' સલાહ..

ઝૂમી ઉઠશે!
નગરનું યૌવન -
કલ્ચરલ સંગે
(નવલી નવરાત)

ખેલે ખેલૈયા
ને આર્ટ લવર્સ નો -
થનગનાટ..
(ગરબે ઘૂમો રે..)




## ચિંતન

**શુભં ચાપ્યશુભં કર્મ ફલકાલમપેક્ષતે ।**
**શરદેવ ફલત્યાશુ શાલિનં સુરભૌ કચિન ॥**

'સારૂં અથવા ખરાબ ખર્મ તેનું ફળ-પરિણામ આપવા માટે સમયની અપેક્ષા સેવે છે અર્થાત તેને પરિપક્વ થવાના સમયની જ રાહ જૂએ છે ડાંગર શરદઋતુ આવે ત્યારે જ પાકે છે વસંત ઋતુમાં એ કદી મ્હોરી ઉઠતી નથી.'

કર્મયોગનો સિધ્ધાંત છે આજે કે વર્ષો પહેલાં કે જન્મો પહેલાં કરેલાં કુકર્મો કે સત્કર્મો જયારે તેનો સમય થાય ત્યારે જ પાકે અને તેના ફળ મળે જ છે.

ડો.મનમોહનસિંહે તટસ્થ રહી - સ્વચ્છ રહી કોંગ્રેસ પક્ષ અને નહેરૂ પરિવારની આ જન્મ સેવા કરી તો તેમને કલ્પનામાં પણ નહીં હોય તે 'વડાપ્રધાન પદ પ્રાપ્ત થયું. પ્રભાવતીબેને સોનીયા ગાંધીને ત્યાં નિષ્ઠાપૂર્વક સેવાભાવથી રસોઇ કરી તો 'રાષ્ટ્રપતિ' થઇ ગયા..

એન. ડી. તિવારી રાજ્યપાલ હતા ત્યારે પોતાની કામવાળી સાથે જે દુરાચાર કર્યા તેનું ફળ ૪૦-૪૫ વર્ષે બદનામી સાથે ભોગવવું પડ્યું.

ભગવાનને ઘેર 'દેર' હોય એવું આપણને દૂરથી લાગે છે પણ અંધેર તો નથી જ. અહીંનાં કર્મો-કુકર્મો અહીં જ ભોગવવાં પડે છે. ઇશ્વરીય સમય-પત્રકનો આપણને સાચો અંદાજ નથી એટલે અન્યાય જેવું લાગે છે બાકી સમય સાથે તેના પરિણામ નિશ્ચિત મળે જ છે.

## સુવિચાર

- શુધ્ધ, સાત્વિક અને શાંત વૃત્તિનો કોઇ પણ નેતા ભલે કોઇ પણ પક્ષમાં હોય, તો પણ બીજા પક્ષના લોકોનું ખરાબ બોલતો નથી **- ડો. હેડગેવાર**
- સામેની વ્યક્તિને શેની જરૂરિયાત છે એટલું સમજી શકવામાં જ આપણાં કાર્યની સફળતા છે **- કાર્નેગી**
- પક્ષીની જેમ ઉડતાં અને પાણીનાં ઊંડાણમાં પણ તરતાં શીખી ગયા પછી હવે માનવીને પૃથ્વી પર રહેતાં અને ચાલતાં શીખવાની જરૂર છે. **- ડો. રાધાકૃષ્ણન્**
- માણસ પોતાનો મિત્ર અને દુશ્મન બંને છે, બીજાનો વાંક ન શોધો, પોતાનો જ દોષ શોધો **- સ્વામી આનંદ**
- સમૃધ્ધિની સાર્થકતા અન્યને દાન આપવામાં જ છે **- ગીજુભાઇ બધેકા**
- ચુસ્ત નીતી-નિયમો કરતાં, પ્રેમ-દયાભાવ અને સહૃદયતા જેવા સ્નિગ્ધ ઉદાર ભાવોની કિંમત વધારે છે **- કાલેલકર**
- આપણું કામ બીજાને ડાહ્યા કરવાનું નથી, પણ જાતે ડાહ્યા થઈ, પ્રેમ અને વિનમ્રતાથી માનવજાતની સેવા કરવાનું છે **- સ્વામી રામદાસ**

## બોધ કથા

ધર્મ એટલે નીતિ-નિયમ, ચૂસ્ત નિયમો પોષાક-ટીલાં-ટપકાં, ખાવું - ન ખાવું, પાઠ-સ્તુતિ-માળા-તપ-ધ્યાન-અપવાસ નહીં, ગરીબ-દુ:ખીઓની સેવા એ જ ધર્મ.

જંગલમાં એક મંદિરે મેળો હતો. સાંજે થોડું અંધારૂં થયું. મેળો પૂરો થયો. એક યુવાન કાંઠા વગરના એક ઊંડા કૂવામાં પડી ગયો. છીછરૂં પાણી હતું તેથી બચી ગયો. બચાવો-બચાવોની બૂમો પાડતો રહ્યો.

એક સરકારી અધિકારી પસાર થયો. જોયું યુવકને ઠપકો દીધો જોયા વિના ચાલતો હતો, આ કૂવો કોનો છે? કાંઠા વગરનો કેમ બનાવ્યો હું તપાસ કરી એને સજા કરીશ, કહી ચાલ્યો ગયો.

એક સન્યાસી આવ્યો. યુવકને દિલાસો દીધો અને કહ્યું તું તારા કર્મે કુવામાં પડ્યો આમ છતાં, હું સંન્યાસી છું, તેથી મારાથી કર્મ થાય નહીં ગામમાં જઇ તને બચાવવાની કંઇક ગોઠવણ કરૂં છું.

ત્યાં એક ભલો-ભોળો-અજ્ઞાની ખેડૂત આવ્યો. કહ્યું, તને બચાવું તો ખરો પણ મારી પાસે દોરી નથી, છતાં પોતે પોતાનું ધોતિયું-ખેસ વગેરે ઉતાર્યા, નગ્ન થઇ ગયો. દોરી જેમ બાંધ્યાં અને યુવકને બહાર કાઢ્યો.

યુવક કહે, ખરેખર સાચા 'ધર્માત્મા' તમે જ છો.

# વિના કારણ, અમસ્તા કોઈને મળવા જવાય જ નહીં, અન્યથા વેદિયામાં ખપીશું, આ માનસિકતા છોડી દઈએ... આત્મીયો અને સ્વજનોને મળતા રહીએ... ખબર અંતર પુછીએ, આટલો સમય કાઢશું તો ખરાં અર્થમાં સુખનાં ભાગીદાર બનશું

## આપણે કાંઈ બહુ ઝાઝું કરી શકીએ તેમ નથી

### વિચાર યાત્રા

- જય ઓઝા

આપણે કાંઇ ઝાઝુ કરી શકીએ તેમ નથી,
કારણ કે આપણે દુર્બળ છીએ ને આપણું જ્ઞાન અલ્પ છે,
પણ રસ્તે જતા કયારેક આપણે બીજાના માથાનો ભાર ઊંચકી શકીએ
અને કયારેક સહાયનો હાથ લંબાવી શકીએ...
આપણે કાંઇ ઝાઝુ કરી શકીએ તેમ નથી...
કારણ કે આપણે આખો દિવસ કામમાં રોકાયેલા હોઇએ છીએ...
પણ આપણા માર્ગે જતા કયારેક બીજાનો મળવાનો સમય કાઢી શકીએ...
બીજાના ખબર અંતર પૂછવા થોભી શકીએ...
આપણે ઝાઝું કરી શકીએ તેમ નથી.
કારણ કે આપણે દૂર દૂર રહેતા હોઇએ છીએ...
પણ કયારેક આપણે કોઇકને એકાદ પત્ર લખી શકીએ કે
કોઇ એકલવાયા જીવને જરા ઉલ્લાસ આપી શકીએ...
આપણે કાંઇ ઝાઝુ કરી શકીએ તેમ નથી.
કારણ કે ઘણીવાર આપણને શું કરવું તેની ખબર જ હોતી નથી
પણ આપણા માર્ગે જતા શું કરવાનું જરૂરી છે તે આપણે
શોધી શકીએ અને કયારેક એ કામ શરૂ થતું જોઇ શકીએ.

**- માઇકલ રોય**

આ ઝડપનો યુગ છે, ફટાફટીયો યુગ છે, ઇન્સ્ટન્ટ કામ જોઇએ, ઝટ-પટ, ખટ-પટ, ફટ-ફટનો આ સમય છે, અને આ જેટ યુગમાં આપણે સતત એવી ફરિયાદ કરતા રહીએ છીએ કે ટાઇમ જ નથી મળતો, પોતાના માટે પણ સમય ન ફાળવી શકનાર વ્યક્તિ બીજાના માટે તો શું કરી શકે?

આપણે ઝાઝુ કરી શકીએ તેમ નથી, આપણે સમાજ સુધારણાનો ઠેકો માથે ઉપાડીને ચાલવાની જરૂર નથી. ઉપાડીને ચાલવા કરતા, નાના નાના કામ કરીએ જે આપણાથી થઇ શકે તેવા છે...

બસમાં જતા હોઇએ, ચિક્કાર બસ ભરેલી હોય, ત્યારે કોઇ વૃધ્ધ ઊભા હોય તો આપણી સીટ એમને આપીએ, આ સમાજ સેવા જ છે.

કોઇ કામસર આપણે પોસ્ટ ઓફિસ ગયા હોઇએ, અને કોઇ ગ્રામીણ મનીઓર્ડર કેમ કરવો એ ન જાણતો હોય ત્યારે તેને સહાય કરીએ તે સાચી સમાજસેવા.

આપણે પાટનગરવાસી છીએ, આપણા નગરમાં સરકારી કચેરીઓની ભરમાર છે, ગુજરાતના ખૂણે ખૂણેથી લોકો આવે છે અને આપણી ભૂલભૂલૈયા નગરીમાં ગોથે ચડે છે, આવી ભટકતી આત્મા મળી જાય તો તેને પરમાત્મા સમજીને સાચું ઠેકાણું દેખાડીએ આ સમાજ સેવા છે.

કોઇ મંદિરમાં દાન આપીને પાવતી - ફડાવવી... તકતી મુકાવવી... થાળ ચડાવવા, ઝૂંપડપટ્ટીમાં પુસ્તકોનું વિતરણ કરાવવું. રોગનિદાન કેમ્પ કરાવીને વર્તમાનપત્રોમાં પ્રેસનોટ આપવી, આ બધા સેવાભાવી સંસ્થાઓનાં છે... તેઓ માટે રહેવા દઇએ... આપણે સામાન્ય વ્યક્તિ તરીકે શું કરી શકીએ?

વિના કારણ, અમસ્તા કોઇને મળવા જવાય જ નહીં, અન્યથા વેદિયામાં ખપીશું. આ માનસિકતા છોડી દઇએ... આત્મીયો અને સ્વજનોને મળતા રહીએ... ખબર અંતર પુછીએ, આટલો સમય કાઢશું તો ખરાં અર્થમાં સુખનાં ભાગીદાર બનશું.

છેલ્લે કોઇને કયારે ૫૦ પૈસાનું પોસ્ટકાર્ડ લખ્યું હતું તે યાદ છે? મોબાઇલના સમયમાં પોસ્ટકાર્ડ કયાંથી યાદ આવે, દૂર-દૂર વસતાં આત્મીયને, મિત્રને સગાને કાગળ લખીએ, ત્યારે વાંચનારને જે આનંદ આવે છે તે અવર્ણનીય છે.

જો કે આ બાબતમાં હમણાં બી.એસ.એન.એલ. વાળાને ધન્યવાદ છે કે, ૧૭૧ વાળી સ્કીમ કરી છે ત્યારથી કોલ ચાર્જની ચિંતા વગર હવે બિન્દાસ ફોન કરાય છે, ટેલિફોન ડાયરીમાંથી શોધી શોધીને જૂના-જૂના સંબંધોને નવપલ્લવીત કરાય છે, લોકો વધુ એકબીજાની નજીક આવ્યાં છે.

જીવનમાં આવા નાના નાના કામ જ વધારે આનંદ આપી જતાં હોય છે. એક વાક્ય વાંચ્યું હતું. જીવનમાં સુખી થવું હોય તો દિવસમાં એકવાર કોઇ વૃધ્ધને અને કોઇ શિશુને ખરા દિલથી મળવા જાવ.

વૃધ્ધ અને શિશુ એ બે પરિમાણ છે. વાસ્તવનું દર્શન કરાવનાર છે, અને આ બંનેને મળવા જવા માટે બહાર કયાંક ફાફા મારવાની જરૂર નથી... ઘરમાં જ છે. ઘરમાં દાદા દાદીના સ્વરૂપે અને નાના ભૂલકાંના રૂપે આસપાસ જ હોય છે... પરંતુ આપણે જે સામે હોય છે, નજીક હોય છે તે જોઇ શકતા નથી.

કોઇને આનંદ આપીએ ત્યારે બમણો આપણે મેળવતા હોઇએ છીએ... માણસોમાં માણસાઇ મીસીંગ છે... આપણે બધા ભીડમાં ચાલીએ છીએ... અથડાતા ચાલીએ છીએ, પણ કોઇ સાથે ચાલતું નથી...

જરા ઊંડાણથી વિચાર કરીએ તો વ્યક્તિ - વ્યક્તિ વચ્ચે આવી રીતે નિકટ આપવાના પ્રસંગ બને છે તે સમાજ જીવન માટે મહત્ત્વનાં છે. પણ આપણે આપણા વર્તુળમાંથી બહાર નીકળતા જ નથી. ઇન મીન તીન અને બહુ બહુ તો બાજુવાળા રમેશભાઇને ઓળખીએ!

ખલીલ ધનતેજવીએ સાચું જ કહ્યું છે -

**લોક પાડોશીને પણ ના ઓળખે!**
**એ જ ખૂબી છે બિરાદર શહેરમાં,**
**રાખજે ખિસ્સામાં સરનામું ખલીલ**
**છે અકસ્માતો ભયંકર શહેરમાં...**

'અરધી સદીની વાચનયાત્રા' માં વાંચેલો પ્રસં યાદ આવે છે - 'આપવા' નો અર્થ ફક્ત કોઇ વસ્તુ આપવા પૂરતો નથી. મધુર સ્મિત, પ્રેમાળ વાણી અને લાગણી ભરેલો સ્પર્શ - એ પણ એક જાતનું દાન જ છે.

રશિયન લેખક તુર્ગનેવની વાર્તામાં એક માણસ ભિખારીને આપવા માટે પોતાના ખિસ્સામાં કાંઇ જ ન હોવાના કારણે તેની સાથે હાથ મિલાવે છે. ભિખારી હસીને કહે છે આ પણ એક દાન જ છે ને!

# ઈશ્વર પર વિશ્વાસ રાખનાર તેઓએ પોતાના સુપુત્રોને પણ કહી રાખ્યું છે કે, મારા મૃત્યુ પછી, ક્રિયા-કર્મો કરવાં નહીં, અંધશ્રધધ્ધામાં, ખોટા રીત-રિવાજોમાં પડતા નહીં, પણ દરિદ્રનારાયણની સેવા કરજો

### મોંઘેરા મોતી

- નટવર આહલપરા

સફળતા માટેના બે ધોરી માર્ગ :

'ગમતું કામ કરો' અથવા 'કામને ગમતું કરો'

**- પ્લેટો**

ઉપરોક્ત સુભાષિત જેમના જીવનમાં સદાને માટે વણાઈ ગયું છે. એવા વ્યક્તિત્વનું નામ છે. હિંમતભાઈ ગોવિંદીયા તા. ૨-૭-૧૯૩૫ના રોજ આફ્રિકાના કંપાલા ખાતે જન્મ. પિતા મૂળજીભાઈ અને માતા કંકુબેનના આ સુપુત્રનું મૂળ વતન છે. રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાનું પીપરડી ગામ. હિંમતભાઈ બે વર્ષના થયા ત્યાં તેમના પિતાનું અવસાન થયું. દુ:ખના પહાડો તૂટી પડ્યા હતા. કુટુંબમાં વિખવાદ થવાથી તેઓ રાજકોટ આવ્યા. કરણસિંહજી હાઈસ્કૂલમાં અંગ્રેજી માધ્યમમાં ચાર ધોરણ સુધી અભ્યાસ કર્યો. એ સમયના બાળપણના સંભારણાઓ આજે ૮૦ વર્ષે પણ તેઓ ભૂલ્યા નથી. સંઘર્ષનો આરંભ તો ચૌદ વર્ષની નાની વયમાં થઈ ગયો હતો. મુંબઈ ગયા અને ત્યાંથી સોળ વર્ષની નાની ઉંમરમાં

સમાજ, શિક્ષણની સેવાનો દીપ સતત પ્રજવલ્લિત રાખતા હિંમતભાઈ ગોવિંદીયા



આફ્રિકા ગયા હતા. બુધ્ધિ કોના બાપની? આ કહેવતને સાર્થક કરતા કરતા હિંમતભાઈએ પોતાની કોઠાસૂઝ અને સંઘર્ષ થકી શૂન્યમાંથી સર્જન કર્યું છે.

પોતાના માટે તો સૌ જીવે. પણ હિંમતભાઈએ પોતાના કુટુંબીજનોને આફ્રિકા બોલાવી, પોતાની સાથે વ્યવસાયમાં જોડ્યા. વ્યવસાય વટ વૃક્ષ બન્યો હતો. કંપનીમાં સો માણસો રોજીરોટી મેળવતા હતા. ત્યાં જ આપતિનો વધુ એક પહાડ તૂટી પડ્યો. વર્ષ ૧૯૭૧માં ઈદી અમીનનું શાસન. ક્રૂરતાનો કોરડો વિંઝાયો. કુટુંબ, દેશ અને બધી ઘરવખરી, મિલક્ત છોડી પહેરેલા કપડે લંડન આવ્યા. વળી, પાછું શૂન્યમાંથી સર્જન કરવાનો સંઘર્ષ શરૂ થયો અને હિંમત હાર્યા વિના હિંમતભાઈએ કઠોર પરિશ્રમ આરંભ્યો હતો. લંડનમાં તેમના ધર્મપત્ની વિજયાબેનનો ફાળો નાનો સૂનો નથી. લંડનમાં બંને પુત્રોને સઘળો કારભાર સોંપી વર્ષ ૧૯૯૬માં હિંમતભાઈ અને વિજયાબેન રાજકોટ આવ્યા. સેવા, શિક્ષણ, સ્નેહ અને સૌ સાથે હળીમળીને રહેતા આ વરિષ્ઠ દંપતી સરસ રીતે જીવન જીવી રહ્યા છે.

વર્ષ ૧૯૫૭માં કંપાલા, યુગાન્ડા ખાતે વિજયાબેન સાથે ગૃહસ્થાશ્રમનો પ્રારંભ થયો. બે સુપુત્રો, પુત્રવધુઓ, બે સુપુત્રી, જમાઈ, પૌત્ર-પૌત્રી, દૌહિત્રીના દાદા હિંમતભાઈ રાજકોટના ૩, નવલનગર વિસ્તારમાં આવેલી પ્રકાશ હાઈસ્કુલ પરિવારમાં પણ દાદાનું વિશેષણ પામ્યા છે. નહીં નફો, નહીં નુકશાનેથી અમૃત વિદ્યામંદિર અને પ્રકાશ હાઈસ્કૂલનું ટ્રસ્ટી પદે સંચાલન કરતા આ દયાળુ માનવી અન્યની સાથે સમાજના અપંગ ગરીબ, વરિષ્ઠ નાગરિકની વાલી-વિદ્યાર્થીની ખેવના કરી, સાર સંભાળ રાખે છે. સુંદર બાલવાટિકાનું નિર્માણ કર્યું છે. અધતન ક્લાસરૂમ સાથે નવનિર્મિત થઈ ગયેલા પ્રકાશ વિદ્યાલયમાં પારિવારીક વાતાવરણ છે. રાજકોટથી થોડે દૂર પોતાની વાડીમાં બાળકોને કુદરતના ખોળે રમમાણ રાખવા પણ લઈ જાય છે.

કોમ્પ્યુટર યુગ અંગે પોતાના પ્રતિભાવ આપતા હિંમતભાઈ કહ્યું હતું કે, 'થોડા સમયમાં વધુ કામ થઈ શકે છે. દિવસમાં પાંચ કલાક કોમ્પ્યુટર કાર્ય કરૂં છું.'

વાચનને પોતાનો ખોરાક ગણાવતા તેઓ વાચન માટે સમય બચાવી લે છે. તેઓ બાધા, આખડી, માનતા કે ઉપવાસ, વ્રત, એકટાણું કરતા નથી. સેવાએ જ પાઠ-પૂજા ગણતા હિંમતભાઈએ યુરોપ, લંડન અને કલક્તા સિવાય સમગ્ર ભારતમાં પ્રવાસો કર્યા છે. તેઓશ્રી ગોવિંદીયા ચેરીટેબલ એન્ડ એજયુકેશન ટ્રસ્ટ સંસ્થાના સંચાલન કાર્યમાં સક્રિય છે. ઈશ્વર પર વિશ્વાસ રાખનાર તેઓએ પોતાના સુપુત્રોને પણ કહી રાખ્યું છે કે, 'મારા મૃત્યુ પછી, ક્રિયા-કર્મો કરવાં નહીં. અંધશ્રધધ્ધામાં, ખોટા રીત-રિવાજોમાં પડતા નહીં. પણ દરિદ્રનારાયણની સેવા કરજો.'

સદ્દભાવના વ્યક્ત કરતા દાનવીરો પોતાનાં દાન કાર્યો કે દયા - ભાવના અંગે પ્રચાર - પ્રસારમાં બહુ પડતા નથી. પણ અહીં નોંધવું ઘટે એમ લાગે છે. હિંમતભાઈએ પાંચ દીકરીઓનાં લગ્ન કરાવ્યાં અને કરિયાવર આપી એક પ્રેરક પગલું ભર્યું છે. તેમના હૈયે દુ:ખ છે કે, છોકરીને ભગાડીને લઈ જનારાને ત્યાં પારણાં બંધાય છે અને વૈદિક રીતે લગ્નથી જોડાતાંને છૂટાછેડા લેવા પડે છે.

જિંદગીનું પ્રેરક અવતરણ આપતાં તેઓએ મને જણાવ્યું કે, 'આફ્રિકા-કંપાલામાં બધું છોડીને જવું પડ્યું. ત્યારે મહેનત કરીશું. તો બધું મળી રહેશે. સૌ સારાંવાના થશે. એવું મે અને મારા ધર્મપત્નીએ વિચાર્યું. કઠોર પરિશ્રમ કર્યો. તેથી ધાર્યા કરતાં વિશેષ મેળવ્યું છે. જિંદગી એક સફર હૈ સુહાના, યહાં કલ ક્યા હો કિસને જાના... ભવિષ્યની ચિંતામાં વર્તમાનનો આનંદ ગુમાવવો નહીં. અભય બનીને જીવવું.'

હિંમતભાઈને દીર્ધાયુ માટે શુભેચ્છા સાથે ભેટ આપીએ એક સુંદર પંક્તિ..

**'ઉમદા વિચારોનો જેમને સહવાસ છે,**
**તેઓ કયારેય એકલા હોતા નથી.'**

**- સર ફિલિપ સિડની**

તેમના મોબાઈલ નંબર છે : ૯૮૨૫૫૨૩૫૨૬, ફોન :(૦૨૮૧) - ૨૩૮૬૯૩૪

### આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૬મી ઓક્ટોબર**

- મહાન વિચારક રાજપુરૂષ, ઇઝરાયેલનાં ઘડવૈયા ડેવિડ લેન ગુરિયનની જન્મજયંતિ ૧૬-૧૦-૧૮૮૬. માતૃભૂમિ કાજે ઝઝૂમનાર જિંદાદિલ માનવીઓમાં એમનું નામ અવિસ્મરણીય છે.
- ભાવિ પેઢી માટે પ્રેરણારૂપ, પ્રજા પીડકોથી જનતાને મુક્ત કરાવનાર, ડફેર, જત, ખિપોણાના ત્રાસમાંથી જનતાને મુક્ત કરાવનારા સૌરાષ્ટ્રનાં સિંહ 'છેલભાઇ'નો જન્મદિન.



- ૧૯૦૧ - સૌપ્રથમવાર વ્હાઇટ હાઉસમાં ખાણું લેનારા બુકર ટી. વોંશિગ્ટન પ્રથમ હસબી હતા.
- ૧૯૬૭ - પરિવાર નિયોજનના પ્રચાર અર્થો ભારતીય ટપાલ ટીકીટ બહાર પડી.
- ૧૯૦૧ - મહાદેવ ગોવિંદ રાનડેનું અવસાન.
- ૧૯૩૦ - મુંબઇની હાપકીન ઇનસ્ટી.ના સ્થાપક કોલેરાની રસીના શોધક ડબલ્યુ, એન હાફકીનનું કલકત્તામાં અવસાન.



- ૧૯૬૮ - ડો. હરગોવિંદ ખુરાનાને ચિકિત્સાક્ષેત્રે નોબલ પુરસ્કાર મળ્યો.

# જિંદગીના રસ્તે ચાલતાં ચાલતાં કદીક ઉપવન તો કયાંક રણ તો વળી કયાંક તોફાની સાગર ને શાંત સરોવરો ને પછી લીલીછમ્મ વાડીઓ પણ આવવાની... સમય પારખીને આગળ વધતા રહેવાનું...

## લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

**"વેદનાના ઘા સહે છે બંસરી,**
**એટલે તો એ મધુરૂં ગાય છે."**

**- અહમદ મકરાણી**

એક રાજા હતો. એક ઠેકાણે એને હુમલો કરવો હતો. આ માટે ખાસ ચુનંદા ચાળીસેક માણસોની ટુંકડી સાથે લઇ જવાની હતી.

રાજાએ આગ્રહ કર્યો : 'અનહદ સહન શક્તિવાળા માણસો જ મારે જોઇએ.'

સેનાપતિએ કહ્યું : 'શક્તિશાળી નહીં.' રાજાએ પ્રત્યુત્તર આપ્યો; 'એ પછી. પહેલા સહનશીલ હોવો જોઇએ.' સેનાપતિએ વળી પૂછ્યું : 'સહનશીલતા માટે આટલો બધો આગ્રહ શા માટે?' રાજાએ સમજાવ્યું, 'એટલા માટે કે, હું જાણું છું કે જે વધારેમાં વધારે સહન કરે છે એ જ વિજયને વરે છે.' મિત્રો! રાજા જે જાણી ચૂક્યો હતો એ આપણે જાણવું રહ્યું. અમલમાં મૂકવું રહ્યું. સ્વામી વિવેકાનંદજીએ કહ્યું હતું કે, "મને જોઇએ છે એવા સો માણસો જે જિંદગીની પરવા કર્યા વગર ધગધગતી આગમાં કૂદી પડે. પોતાને જ જોઇએ છે એ મેળવ્યા વગર નહીં ઝંપનારા થોડા સહનશીલ આત્માઓ પણ તૈયાર કરી શકીશ તો મારા જીવનને ધન્ય માનીશ."

આજે આપણે સ્વામીજીની દોઢસોમી જન્મજયંતિ ઉજવી રહ્યા છીએ ત્યારે આ ઝંખનાને ઝીલી એમની અપેક્ષાઓનો યોગ્ય જવાબ વાળીએ તોય ઘણું!! ભલે, આપણે અન્યને વફાદાર રહેવામાં ઊણા ઉતર્યા હોઇએ પરંતુ જાતને તો વફાદાર રહીએ... આપણે આપણા પોતીકા સ્વપ્ન માટે તો કંઇક કરી છૂટીએ...

અમે એકવાર ગીરનારના પ્રવાસે ગયા. ગીરનારનું ચઢાણ સર કરી જ્યારે ઉતારે પાછા ફર્યા ત્યારે બધાં સાવ થાકી ગયેલાં. પરંતુ અમારા એક વડીલ એકલા જ પ્રફુલ્લ... અમારામાંથી એક જણ બોલી ઊઠ્યો, "તમે તો ભારે જાદુ કર્યો. આપણે બધા જ એક સરખું ચાલ્યા છીએ છતાં અમે બધા થાકીને લોથપોથ થઇ ગયા ને તમે કેમ તાજગીમાં?" એ અનુભવ વૃધ્ધે જણાવ્યું, 'મારી તાજગીના રહસ્ય માટે મેં જીવનમાં એક નિયમ બનાવી રાખ્યો છે કે, 'બને એટલો આનંદ માણવો, અનિવાર્ય હોય તે સહી લેવું.'' પ...ણ... 'આ નિયમને આપણા ચઢાણ સાથે શો સંબંધ? 'અરે! ભલા મિત્રો, આપણે ચાલીને આવ્યા ત્યારે તમે બધાંયે આસપાસનાં નિસર્ગને જોયું ખરું? અહીંયાં તો આપણે હરવાફરવાને મજા કરવા આવ્યા છીએ ને? ઘરની વાતો ઘેર... આ ગીરનારનાં પ્રાકૃતિક દૃશ્યોને મનભરીને માણ્યાં ખરાં કે?''

કરવા જેવું કામ તો આ છે. જિંદગીના રસ્તે ચાલતાં ચાલતાં કદીક ઉપવન તો કયાંક રણ તો વળી કયાંક તોફાની સાગર ને શાંત સરોવરો ને પછી લીલીછમ્મ વાડીઓ પણ આવવાની... સમય પારખીને આગળ વધતા રહેવાનું... ધારો કે અત્યારે રણમાં છીએ તો ચાલવાની ઝડપ વધારીએ, બને એટલી ત્વરાથી રસ્તો વટાવવો... સાથે સાથે એ પણ ન ભૂલીએ કે શ્વેત કણની શોભા માણીએ... ઝાંઝવાના છળની માયા પણ છે. આ બધાની વચ્ચે આનંદ પ...ણ... માણીએ...

કુંતા માતાએ ભગવાન પાસે 'વિપદઃ સન્તુ' કહી દુ:ખની માણગી કરી હતી. આપણને કદાચ એમ થાય કે સામે ચાલીને દુ:ખ તો મગાતુ હશે. મિત્રો, આનંદમાં હોઇ ત્યારે આપણને પ્રાર્થના કરવાનું સૂઝતું નથી... ને કદાચ ટેવગત પ્રાર્થના કરીએ તોટ આનંદ ઘેલું મન એમાં એકાગ્ર થતું નથી. એટલે જ કહેવાયું હશે કે, 'સુખના સમયમાં કરેલી હજાર પ્રાર્થનાઓ કરતાં દુ:ખના સમયની પ્રાર્થનામાં વધારે બળ રહેલું છે.' આપણા સહુનો અનુભવ છે કે દિવસે તારા લિજ્જત અનુભવીએ છીએ!!

(અનુસંધાન પાના નં. ૬ પર)